ડૉ.આંબેડકર જયંતિ, મહર્ષિ વાલ્મીકી જયંતિ, ડૉ.આંબેડકર નિર્વાણ દીન, જાગૃતતા શિબીર, સંત રોહિદાસ જયંતિ, સંત બેચરસ્વામી જયંતિ, તથા સંત તેજેન્દ્ર પ્રસાદ જયંતિ એમ વાર્ષિક સાત(૭) કાર્યક્રમોનુ આયોજન કરવા બાબતે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ.૫.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW-૧૦૧૫-૯૧૧૨૮-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪/૪/૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૪/૨/૨૦૧૫ના પત્ર ક્રઃ અજાક-છ-૫--૨૦૧૫- ૫૧૭ થી ૫૧૯.

ઠ રા વઃ

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ધ્વારા સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃ સ્થાપનના ભાગરૂપે તેમજ નિગમની વિવિધ યોજનાઓ જેવી કે સીધા ધીરાણની યોજના, મહિલા સમૃધ્ધિ યોજના, મહિલા અધિકારીતા યોજના, માઇક્રો ક્રેડીટ ફાઇનાન્સ યોજના, શૈક્ષણિક લોન યોજના, સેનેટરી માર્ટ યોજના, ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના, તાલીમ યોજના, વીમા કવચ યોજના વગેરેનો પ્રચાર પ્રસાર કરવા માટે ડૉ.આંબેડકર જયંતી, મહર્ષિ વાલ્મીકી જયંતી, ડૉ.આંબેડકર નિર્વાણ દીન, જાગૃતતા શિબીર, સંત રોહિદાસ જયંતિ, સંત બેચરસ્વામી જયંતિ, તથા સંત તેજેન્દ્ર પ્રસાદ જયંતિ એમ વાર્ષિક સાત(૭) કાર્યક્રમોનુ આયોજન કરવા માટે વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૪/૨/૨૦૫ ના પત્રથી વર્ષ ૨૦૧૫-૧૬ માં નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ડૉ.આંબેડકર જયંતિ, મહર્ષિ વાલ્મીકી જયંતિ, ડૉ.આંબેડકર નિર્વાણ દીન, જાગૃતતા શિબીર, સંત રોહિદાસ જયંતિ, સંત બેચરસ્વામી જયંતિ, તથા સંત તેજેન્દ્ર પ્રસાદ જયંતિ એમ વાર્ષિક સાત(૭) કાર્યક્રમોનુ વાર્ષિક આયોજન કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં કુલ રૂ.૫.૦૦ લાખની નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ – ૧૦૨૦૦૫- ૧૪૦૭-ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનું ખર્ચ મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- પેટા મુખ્ય સદર-૦૧- ગૌણ સદર- બીસીકે-૭૫- પૂજય ઠક્કરબાપા સફાઇ કામદાર પુનઃ સ્થાન યોજના હેઠળ ડૉ.આંબેડકર જયંતિ, મહર્ષિ વાલ્મીકી જયંતિ, ડૉ.આંબેડકર નિર્વાણ દીન, જાગૃતતા શિબીર, સંત રોહિદાસ જયંતિ, સંત બેચરસ્વામી જયંતિ, તથા સંત તેજેન્દ્ર પ્રસાદ જયંતિ એમ વાર્ષિક સાત(૭) કાર્યક્રમોનુ વાર્ષિક આયોજન કરવા હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૧૭-૪-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. સી. શાહ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કો.સેલ, સા.ન્યાય.અને અ.વિ.ની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી /-પસંદગી ફાઇલ.

સમરસ છાત્રાલય (કન્યા) જામનગરના મકાન બાંધકામ માટેની સુધારેલા અંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૩/ન.બા.૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭/૪/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭-૮-૨૦૧૪ ના
ઠરાવ ક્રમાંકઃ સમછા- ૧૦૧૩- ન.બા.૪૫-ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૨૮/૧૧/૨૦૧૩નો
પત્ર ક્રમાંક: અજાક-ગ.૧-૧-૨૦૧૩-૧૪- ૫૬૪૯-૫૦.

(૩) માર્ગ અને મકાન વિભાગના તા.૧૦-૩-૨૦૧૫ના પત્ર ક્રઃ બીડીજી- ૫૬- ૨૦૧૪- ૪૦૪૩-ન.

ઠ રા વઃ-

રાજયની યુનિવર્સીટીના વડા મથકે અનુ.જાતિ/અનુ.જનજાતિ/વિકસતી જાતિના વિદ્યાર્થીનીઓ ઉચ્ચ શિક્ષણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુ થી અનુ.જાતિ/અનુ.જનજાતિ/વિકસતી જાતિની વિદ્યાર્થીનીઓ માટે ૫૦૦ કન્યા રહી શકે તેવી સુવિધા યુક્ત મકાન તેમજ છાત્રાલયના સ્ટાફ કર્વાટર્સ સહિત બનાવવા સમરસ કન્યા છાત્રાલય જામનગર માટે વર્ષ ૨૦૧૪-૧૫ ના નાણાકીય વર્ષમાં રૂ.૧૩૨૦.૦૦ લાખ ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગના ઉપર વંચાણે લીધા ક્રમ-૩ મુજબના તા.૧૦-૩-૨૦૧૫ના પત્રથી સુધારેલ અંદાજોની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) મુજબ સમરસ છાત્રાલય (કન્યા) જામનગરના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૩૨,૦૫,૫૬,૦૦૦/- (અંકે રુપિયા બત્રીસ કરોડ પાંચ લાખ છપ્પન હજાર પુરા)ના સુધારેલ અંદાજોને નીચેની શરતોને આધીન સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. .

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદજ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૪૨૨૫- અનુ.જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ર૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૩)બીસીકે-૨૫ – અનુસૂચિત જાતિ પેટા યોજના સરકારી કન્યા છાત્રાલયનુ મકાન બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭-૪-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. સી. શાહ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.જામનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.જામનગર
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.જામનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.જામનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.